અધ્યાપકોને સીસીસી અને હિન્દી પરીક્ષામાંથી મુક્તિનો નિર્ણય

અંદાજિત ૩૫૦૦થી વધુ અધ્યાપકોને લાભ થશે : આગામી ૧લી જાન્યુઆરી ૨૦૨૩થી પ્રમોશન માટે પાત્રતા ધરાવતા અધ્યાપકોએ આ પરીક્ષા પાસ કરવાની રહેશે : નિવૃત થતા અધ્યાપકોને સાતમા પગાર પંચનો લાભ

ગાંધીનગર, તા.૨૭

રાજ્યના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે રાજ્યની વિવિધ કોલેજો અને યુનિવર્સિટીઓ કાર્યરત અધ્યાપકોને પ્રમોશન માટે રાજ્ય સરકારે સીસીસી અને હિન્દી પરીક્ષામાંથી મુક્તિ આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે જેમાં અંદાજે ૩૫૦૦થી વધુ અધ્યાપકોને લાભ થશે. તા.૦૧-૦૧-૨૦૨૩ પછી જે અધ્યાપકો સીએએસ હેઠળ પ્રમોશન મળવાપાત્ર હશે તેવા અધ્યાપકોએ સીસીસી પ્લસ તથા હિન્દી/ગુજરાતી પરીક્ષા પાસ કરવાની રહેશે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત રાજ્ય મહાવિદ્યાલય શૈક્ષિક સંઘ, ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળ, ગુજરાત રાજ્ય સરકારી અધ્યાપક મંડળ જેવા વિવિધ અધ્યાપક મંડળોની સતત રજુઆતોને ધ્યાનમાં લઈ રાજ્યના નોકરીમાં કાર્યરત તથા નિવૃત્ત પ્રાધ્યાપકોને પડતી આર્થિક તથા વ્યવસાયિક તકલીફોના નિરાકરણ માટે આ નિર્ણયો કરાયા છે.

શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના કોલેજ તથા યુનિવર્સિટીના પ્રાધ્યાપકોના પ્રમોશન તા.૦૧/૦૨/૨૦૧૯ ના રોજ જી.આર.ની કલમ ૮ થી રોકવામાં આવેલ હતા તે કલમ ૮ રદ કરી કેરિયર એડવાઇન્સમેન્ટ સ્કીમ હેઠળના પ્રમોશન પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યના વિવિધ કોલેજ અને યુનિવર્સિટીના પ્રાધ્યાપકોને કેરિયર એડવાઈન્સમેન્ટ સ્કીમ (સીએએસ) દ્વારા મળતા પ્રમોશનો તથા સાતમા પગાર પંચના લાભો મેળવવા માટે સીસીસી પ્લસ તેમજ હિન્દી/ગુજરાતીની પરીક્ષા પાસ કરવાનું વર્ષ-૨૦૧૯ના સાતમા પગાર પંચના જી.આર. ધ્વારા ફરજિયાત કરવામાં આવ્યું હતું અને તેનો અમલ વર્ષ-૨૦૦૬થી લાગુ કરવામાં આવ્યો હતો જેના કારણે નોકરીમાં કાર્યરત, નિવૃત્ત થયેલા તેમજ કેટલાક મૃતક પ્રાધ્યાપકોને પગાર તથા પેન્શનના આર્થિક લાભો અટકયા હતા. આવા લગભગ ૭ હજાર પ્રાધ્યાપકોના કુટુંબોને આર્થિક તકલીફોમાંથી ઉગારતો આ નિર્ણય જે મુજબ પ્રાધ્યાપકોએ સાતમા પગાર પંચના લાભો મેળવવા તથા તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી કેરીયર એડવાન્સમેન્ટના પ્રમોશન મેળવવા માટે સીસીસી પ્લસ તથા હિન્દી/ગુજરાતીની પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે અને જે પ્રાધ્યાપકોને તા.૧/૧/૨૦૨૩ કે ત્યારબાદ કેરિયર એડવાન્સમેન્ટના પ્રમોશન મેળવવાના થશે તેઓને જ સીસીસી પ્લસ તથા હિન્દી / ગુજરાતીની પરીક્ષા આપવાની રહેશે. ગુજરાત રાજ્યમાં શિક્ષણ વિભાગ હેઠળની અનુદાનિત તેમજ સરકારી કોલેજ કે યુનિવર્સિટીમાં કામ કરતા પ્રાધ્યાપક જો બીજી કોઇ અન્ય અનુદાનિત તેમજ સરકારી કોલેજ કે યુનિવર્સિટીમાં નોકરી મેળવે તો તેઓના સર્વીસ જોડાણનો પ્રશ્ન વર્ષ-૨૦૧૯ ના જી.આર.થી ઉપસ્થિત થયેલ હતો આ બાબતે પ્રાધ્યપકોની તકલીફ સમજી વહીવટી સુધારો કરી હવે નોકરી પ્રમોશન, પેન્શન જેવા વિવિધ કામો માટે સર્વિસ જોડાણની વર્ષ-૨૦૧૯ પહેલાની પધ્ધતિ લાગુ કરવામાં આવી જે મુજબ હવે સર્વિસ જોડાણ માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીથી જ કાર્યવાહી કરવાની રહેશે. વધુમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને અને કોલેજોને પડતી તકલીફોને ધ્યાનમાં રાખીને પ્રિન્સીપાલની ભરતી માટે ત્વરિત એન.ઓ.સી. આપવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત સાથે ટ્રેડ એન્ડ કોમર્સ ક્ષેત્રે એમઓયુ કરવા થાઈલેન્ડ ઉત્સુક

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે થાઈલેન્ડના ભારત સ્થિત રાજદૂત સુશ્રી પટ્ટારાટ હોંગટોંગ(Ms. Pattarat Hongtong) અને

પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત બેઠક યોજી હતી.

આ બેઠકની વાતચીતમાં તેમણે ગુજરાતના જામનગરમાં WHO અને આયુષ મંત્રાલય દ્વારા નિર્માણ થનારા ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડીશનલ મેડીસીન GCTMમાં સહભાગીતા અને આયુષ-આયુર્વેદ પદ્ધતિના આદાન-પ્રદાન માટે થાઈલેન્ડની તત્પરતા દર્શાવી હતી. થાઈલેન્ડ રાજદૂતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ સંદર્ભમાં જણાવ્યું કે થાઈલેન્ડમાં પણ આયુષ પદ્ધતિ અને આયુર્વેદ ઉપચાર માટેની એક હોસ્પિટલ ચાલે છે. એટલું જ નહિ થાઈલેન્ડમાં આયુર્વેદ પ્રોડક્ટ કંપનીઓ પણ કાર્યરત છે ત્યારે ગુજરાતના આ વર્લ્ડ કલાસ સેન્ટરનો વ્યાપક લાભ થાઈલેન્ડ પણ લેવા ઉત્સુક છે. તેમણે ખાસ કરીને ફાર્માસ્યુટિકલ સેક્ટર, રિન્યુએબલ એનર્જી, ટુરિઝમ અને ઈ-વ્હીકલ જેવા ક્ષેત્રોમાં ગુજરાત સાથે સહભાગીતાની સંભાવનાઓ અંગે આ બેઠકમાં પરામર્શ કર્યો હતો.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે થાઈલેન્ડ એ મોટું ટુરિસ્ટ ડેસ્ટિનેશન છે અને ગુજરાત પણ સ્ટેચ્યુ ઓફ યુનિટિ જેવા વિશ્વ પ્રવાસન કેન્દ્ર સહિત અનેક પ્રવાસન વૈવિધ્ય ધરાવતું રાજ્ય છે તેની ભૂમિકા આપી ગુજરાત-થાઈલેન્ડ વચ્ચે ટુરિઝમ સેક્ટરને પ્રમોટ કરવા અંગે પણ ચર્ચાઓ કરી હતી. ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે ગુજરાતમાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, એનર્જી યુનિવર્સિટી, GCTM જેવા અદ્યતન સંસ્થાનોમાં પણ થાઈલેન્ડના યુવાઓ સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ અન્વયે અભ્યાસ-સંશોધન માટે આવી શકે તેમ છે. મુખ્યમંત્રીએ ગુજરાત પોતાની બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર, કનેક્ટીવીટી વગેરેની ઈકો સિસ્ટમથી વિશ્વના રોકાણકારો માટે પસંદગીનું સ્થળ બન્યુ છે તેની પણ વિસ્તૃત વિગતો આપી હતી. આ ઈકો સિસ્ટમનો લાભ લઈ થાઈલેન્ડની વિવિધ કંપનીઓ, ઉદ્યોગો ગુજરાતમાં ખાસ કરીને ધોલેરા SIRમાં રોકાણો માટે આવે તેવી અપેક્ષા પણ મુખ્યમંત્રીએ દર્શાવી હતી. થાઈલેન્ડના રાજદૂતે ટ્રેડ અને કોમર્સ ક્ષેત્રે ગુજરાત સાથેના સંબંધો વધુ સુદ્રઢ કરવા તેઓ એમ.ઓ.યુ કરવાની દિશામાં આગળ વધવા ઉત્સુક છે તેમ પણ ચર્ચાઓ દરમ્યાન જણાવ્યું હતું. તેમણે કહ્યું કે થાઈલેન્ડમાં ૧.૬ બિલીયન યુ.એસ ડોલર જેટલું એક્સપોર્ટ ગુજરાતમાંથી થયું છે તથા થાઈલેન્ડ દ્વારા પાછલા વર્ષોમાં ગુજરાતમાં ૨૯.૫ યુ.એસ મિલીયન ડોલરનું એફ.ડી.આઈ આવેલું છે.

એનએફએસયુ ખાતે ૨૬ ચીફ વિજિલન્સ ઓફિસર્સની 'પ્રિવેન્ટિવ વિજિલન્સ' તાલીમ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર ખાતેની નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીમાં બેંક અને વીમા કંપનીઓના ચીફ વિજિલન્સ ઓફિસર્સ એટલે કે મુખ્ય સતર્કતા અધિકારીઓની તાલીમનો આજથી પ્રારંભ થયો છે. દેશભરમાંથી આવેલા આ ૨૬ અધિકારીઓને 'પ્રિવેન્ટિવ વિજિલન્સ' વિષય પર તાલીમ આપવામાં આવી રહી છે. તાલીમ વિભાગના નાયબ નિયામક આર. એન. ગુણાએ જણાવ્યું હતું કે ચીફ વિજિલન્સ ઓફિસર્સને આ ત્રણ દિવસની આ તાલીમ દરમિયાન, બેંકિંગ છેતરપિંડી અને તેની તપાસ, નકલી ચલણ અને તપાસની પદ્ધતિઓ, ફોરેન્સિક ઓડિટિંગમાં ડિજિટલ ફોરેન્સિકસનો ઉપયોગ તથા બેંકિંગ અને વીમા ક્ષેત્રના સમકાલીન મુદ્દાઓ સહિતનાં વિવિધ વિષયોથી માહિતગાર કરવામાં આવશે.

આ તાલીમ કાર્યક્રમમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેંક, યુકો બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક, કેનેરા બેંક, પંજાબ એન્ડ સિંધ બેંક, ભારતીય રિઝર્વ બેંક નોટ મુદ્રણ, પોસ્ટ પેમેન્ટ્સ બેંક, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક – જેવી બેંકના અધિકારીઓ અને ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિ., જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ઈએસઆઈસી), પાવર ફાઈનાન્સ કોર્પોરેશન, નાબાર્ડ, ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઈરડા) જેવી વીમા સંસ્થાઓના અધિકારીઓ તથા સેન્ટ્રલ વિજિલન્સ કમિશન(સીવીસી)ના અધિક સચિવ સહિત ઉચ્ચ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

રાજ્યની વિવિધ કોલેજો તથા યુનિવર્સિટીઓના

અધ્યાપકોને સીસીસી અને હિન્દી પરીક્ષામાંથી મુક્તિ અપાશે

ગાંધીનગર, તા. ૨૭

શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે રાજ્યની વિવિધ કોલેજો અને યુનિવર્સિટીઓ કાર્યરત અધ્યાપકોને પ્રમોશન માટે સીસીસી અને હિન્દી પરીક્ષામાંથી મુક્તિ આપવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં અંદાજે ૩૫૦૦થી વધુ અધ્યાપકોને લાભ થશે. તા. ૧-૧-૨૦૨૩ પછી જે અધ્યાપકો CAS હેઠળ પ્રમોશન મળવાપાત્ર હશે તેવા અધ્યાપકોએ CCC પ્લસ તથા હિન્દી/ગુજરાતી પરીક્ષા પાસ કરવાની રહેશે.

શિક્ષણમંત્રી વાઘાણી ઉમેર્યું કે કોલેજોના અધ્યાપકોને તેમની સેવાઓ દરમિયાન પ્રમોશન માટે CCC પ્લસ તથા હિન્દી/ગુજરાતી પરીક્ષા પાસ કરવી ફરજિયાત હતી. હવેથી આ પરીક્ષામાં મુક્તિ આપવાનો રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અધ્યાપકો માટે આ મહત્વનો નિર્ણય કર્યો છે.

શિક્ષણમંત્રી વાઘાણી ઉમેર્યું કે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત રાજ્ય મહાવિદ્યાલય શૈક્ષિક સંઘ, ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળ, ગુજરાત રાજ્ય સરકારી અધ્યાપક મંડળ જેવા વિવિધ અધ્યાપક મંડળોની સતત રજુઆતોને ધ્યાનમાં લઈ ગુજરાત સરકાર ધ્વારા ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણના અનેક પ્રશ્નો કે જેના લીધે થઈ અને ગુજરાત રાજ્યના નોકરીમાં કાર્યરત તથા નિવૃત્ત થયેલા પ્રાધ્યાપકોને આર્થિક તથા વ્યવસાયિક તકલીફો પડતી હતી તેનું નિરાકરણ માટે આ નિર્ણયો કરાયા છે.

મંત્રીએ ઉમેર્યું કે ગુજરાત રાજ્યના કોલેજ તથા યુનિવર્સિટીના પ્રાધ્યાપકોના પ્રમોશન તા. ૧-૨-૨૦૧૯ ના રોજ જી.આર.ની કલમ ૮ થી રોકવામાં આવેલ હતા તે કલમ ૮ રદ કરી કેરિયર એડવાઈન્સમેન્ટ સ્કીમ હેઠળના પ્રમોશન પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી અને ક્રીડાભારતી દ્વારા સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી અને ક્રીડાભારતીના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં રમતવીરોના ટ્રેઈનર્સ, કોચીંગ તથા શારીરિક શિક્ષણના તજજ્ઞો માટે અમદાવાદ ખાતે એક દિવસીય નેશનલ સેમિનાર "ઈકોસિસ્ટમ ફોર ટ્રેડિશનલ એન્ડ મોડર્ન સ્પોર્ટસ ફોર નેશન બિલ્ડીંગ' કાર્યક્રમ ટ્રાન્સસ્ટેડિયા. મણિનગર, અમદાવાદ ખાતે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. અર્જુનસિંહ રાણા અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

જેમાં રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમાર, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડૉ.) અર્જુનસિંહ રાણા, ક્રીડાભારતી ભારતના જનરલ સેક્રેટરી રાજ ચૌધરી, ક્રીડાભારતી ભારતના સંગઠન મંત્રી પ્રસાદ મહંકર, ક્રીડાભારતી ભારતના કોષાધ્યક્ષ ડૉ. મિલિન્ડ ડાંગે, ક્રીડાભારતી ગુજરાતના અધ્યક્ષ વિવેક પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી શારરિક શિક્ષણના ૮ તજજ્ઞ દ્વારા તેમના વિશેષ વિયનું પ્રસ્તુતિકરણ હાજર રહેલ રમતવીરોના ટ્રેઈનર્સ તથા કોચીઝના કૌશલ્ય વર્ધન માટે કરવામાં આવ્યું હતું.

એક દિવસીય નેશનલ સેમિનાર 'ઈકોસિસ્ટમ ફોર ટ્રેડિશનલ એન્ડ મોડર્ન સ્પોર્ટસ ફોર નેશન બિલ્ડીંગ' કાર્યક્રમમાં વિવિધ વિષયોના પરિચય આપતા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના એસોસિએટ પ્રોફેસર ડૉ. સુધીરકુમાર શર્માએ મહેમાનોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો). અર્જુનસિંહ રાણાની પ્રેરણા, સંવેદના અને સહયોગથી આ કાર્યક્રમનું સ્વરૂપ સાકાર થયો છે.

ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારોના ડેમમાં નર્મદાનાં નીર પૂરા પડાશે : રાજ્ય સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૭

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે પ્રવર્તમાન ઉનાળાની સિઝનમાં નાગરિકોને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તેમજ મૂંગા અબોલ પશુઓને પણ ઘાસચારો તેમજ પાણી ઉપલબ્ધ બનાવવા માટે રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નાગરિકોની સુખાકારી માટે લીધેલા મહત્વના નિર્ણયોની મીડિયાને વિગતો આપતા મંત્રી વાઘાણીએ કહ્યું કે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર માટે ૨૦૭૫ એમએલડી નર્મદાના પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. બ્રાહ્મણી-૨ જળાશયમાં પાણીનું લેવલ ઘટતા, તેમાંથી પાણીનો ઉપાડ ૧૮૦ એમએલડીથી ઘટીને ૧૦ થી ૧૫ એમલએલડી થયેલ છે જેના માટે રાજ્ય સરકારે બ્રાહ્મણી-૨ જળાશયને નર્મદાના પાણીથી ભરવાનો નિર્ણય કર્યો છે. આ માટે તા. ૨૫ એપ્રિલ-૨૦૨૨થી ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલમાં નર્મદાનું પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના થકી બ્રાહ્મણી-૨ જળાશય ભરવામાં આવશે. એ જ રીતે કચ્છ જીલ્લા માટે પીવાના પાણીનો મુખ્ય સ્રોત એવા ટપ્પર જળાશયમાં પણ જરૂરિયાત જણાયે આગામી સમયમાં કચ્છ શાખા નહેર દ્વારા નર્મદાના પાણીથી ભરવાનું આયોજન છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જીલ્લામાં આવેલ દાંતીવાડા જળાશયને પણ નર્મદા મુખ્ય નહેર ઉપરના ચાંગા પામ્પિંગ સ્ટેશનથી ભરવા માટેનું આયોજન છે. સીપુ જળાશય આધારિત ગામોને દાંતીવાડા જળાશય આધારિત યોજના સાથે જોડી દેવામાં આવેલ છે. આમ, દાંતીવાડા જળાશય ભરાતા સીપુ જળાશય આધારિત ગામોમાં પૂરતું પાણી મળી રહેશે. મંત્રીએ ઉમેર્યું કે રાજ્યમાં પીવાના પાણીની ફરિયાદોના નિકાલ માટે ૨૪X૭ ટેલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૧૬ કાર્યરત છે. પીવાના પાણી સંદર્ભે જે પણ ફરિયાદો આવે તેનું અત્યંત સંવેદના સાથે નિરાકરણ કરવા મુખ્યમંત્રીએ સૂચનાઓ આપી છે.

કેવડિયા ખાતે સ્વાસ્થ્ય ચિંતન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૭

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હીના ઉપક્રમે આગામી તા.૫, ૬, ૭ મે - ૨૦૨૨ દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટી એક્તાનગર (કેવડિયા) ટેન્ટસીટી-૨ ખાતે ૧૪ મી સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર અંતર્ગત સ્વાસ્થ્ય ચિંતન શિબિર-૨૦૨૨ નું આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ ચિંતન શિબિરમાં દેશના વિભિન્ન રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ, કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવઓ, અધિક આરોગ્ય સચિવઓ, વિવિધ રાજ્યોના આરોગ્ય સચિવો અને આરોગ્ય કમિશનરઓ તેમજ નેશનલ હેલ્થ મિશનના મિશન ડાયરેક્ટરઓ ભાગ લેનાર છે.

કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય - નવી દિલ્હીની ટીમ દ્વારા ચિંતન શિબિરના સુચારૂ આયોજન અને તેની પૂર્વ તૈયારીઓની સમીક્ષા અર્થે એક્તાનગર (કેવડિયા) ટેન્ટસિટી-૨ ખાતે બેઠક યોજવામાં આવી હતી.

ફેન્સીંગ કરાશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાળવણી અને જતન મામલે પણ પ્રશ્નાર્થ મંડરાય તેવી સ્થિતિ છે. આગામી વરસાદી દિવસોમાં વન વિભાગ દ્વારા શહેરના સેકટરોમાં તેમજ વિવિધ ઠેકાણે વન આરક્ષિત વિસ્તારમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવનાર છે. જયારે નવા રોપાઓની વાવણી સાથે તેના ઉછેર માટે પણ યોગ્ય પાણી પુરુ પાડવા સહીત વન આરક્ષિત વિસ્તારને સલામત બનાવવા માટે પણ આયોજન કરાયુ છે. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા શહેરમાં નવા રોપાઓની વાવણીને અનુલક્ષી ખાડા ખોદી દેવાયા છે. જયારે વિવિધ ઠેકાણે ફેન્સીંગ પણ કરવામાં આવશે. જેમાં સે-૨૮, સે-૩ ન્યુ, સે-૧૧ સે-૮ સહીતના વિસ્તારમાં ફેન્સીંગ કરવામાં આવશે જયારે આ અન્વયે વનતંત્ર કક્ષાએથી સિમેન્ટની થાંભલીવાળી ફેન્સીંગ કરવામાં આવશે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. શહેરમાં વાઈબ્રન્ટ સમિટ વેળાએ વન આરક્ષિત વિસ્તારની રોનક નિખારવા માટે સફાઇ સહીત રંગરોગાન અને નવા આકર્ષક રોપાઓ પણ મુકવામાં આવે છે. પરંતુ છેલ્લા બે વખતથી વાઈબ્રન્ટ સમિટની ઉજવણી પણ થઇ નથી જેના લીધે આ વિસ્તારની જાળવણી સહીત સુંદરતા નિખારવા માટે પણ કોઇ આયોજન કરાયુ નથી આવા સંજોગોમાં શહેરના માર્ગો આસપાસ સ્થિત વન વિસ્તાર કંગાળ અને કદરૂપી હાલતમાં જોવા મળી રહ્યો છે. વન આરક્ષિત વિસ્તાર રખડતા ઢોર સાથે ગંદકીનો અડ્ડો બન્યો છે.

પાથેય ● અનુસંધાન ચોથાનું ચાલુ...

કોઇકે સરસ કહયું છે કે 'જિંદગી પાસેથી શીખવા જેવી જો કોઇ વાત હોય તો એ વિસ્મય છે..' આપણે સહુ દુન્યવી સુખોનો ઓડકાર અનુભવીએ છીએ..કોઇ નાનકડી સફળતા એકાદ પ્રશંસા કે જરીક અમથો ભૌતિક વૈભવ આપણે ઠપ્પ કરી નાખે છે..આ રીતે અટકી જવામાં જગતની નજરે કોઇ સિધ્ધિ ગણાતી હશે..હકિકતમાં જે માણસ જીવવા માટેની તાલાવેલી ગુમાવી દે છે એ જ સૌથી મોટી વિફળતા હોય છે..બાળકની આંખમાં જે વિસ્મય હોય છે એવું જો આખી જિંદગી જાળવી શકીએ તો જ જીવનનો ભરપૂર આનંદ માણી શકાય છે.જે વ્યકિત આ સિધ્ધિ પ્રાપ્ત કરી શકે તે જીવનના તમામ આનંદનો માણવાની બધી જ શક્યતાઓ જાળવી શકે છે !

લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

માનો છો ત્યારે તમે 'વિશ્વ' છો.''

દોસ્તો, અંતમાં હું તો ત્યાં સુધી કહું છું કે જગત આખું કોઈ પણ જાતના પૂર્વગ્રહ વગર વેદમાન્ય વિચારોને એકી અવાજે સ્વીકારી આત્મસાત્ કરે તો દુનિયા આખીનો નકશો બદલાઈ જાય !!!

સ્પર્શમણિ :

અભિમાનથી માનવી ફુલાઈ શકે છે, ફેલાઈ શકતો નથી.

●●●

જેટલો શ્વાસ લો છો, એટલું હસો. જેટલું જીવો છો એટલું ચાહો.

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949

નખરાળી જિંદગી ● અનુસંધાન ચોથાનું ચાલુ...

હોય, મારું લખાણ હવે પહેલાં કરતાં ઘણું સુધરી ગયું હતું. મેં એક નવું કામ આદર્યું. દુનિયાના બેસ્ટ કહેવાતા પુસ્તકો વાંચવા તરફ મન વાળ્યું, આ વખતે વાર્તા ખાલી વાંચવાની ન હતી એમાં શું ગમે છે, કેવી રીતે લખાયું છે એ બધું નોટીશ કરવાનું હતું. ધીમે ધીમે ખાસ્સું બધું સમજાતું ગયું. મારી ભૂલો હું જોઈ શકી. પાઉલો કોએલો, જેફ્રી આર્ચર, અશ્વિની ભટ્ટ, હરકિશન મહેતા, ચેતન ભગત, સ્ટીફન કિંગ અને ધ્રુવ જોશીને ફરી ફરીને વાંચ્યા. કુન્દનિકા કાપડિયા, વર્ષા અડાલજા અને છેલ્લે મૈત્રેયી દેવીની "ન હન્યતે" વાંચી ત્યારે જઈને સમજાયું કે મારી નવલકથામાં કેટલું બધું ખૂટતું હતું.

એક દિવસ મેં નક્કી કરી લીધું અને મારું લેપટોપ 'નિયતિ'માં ખૂટતું ઉમેરવા બેસી ગઈ. નિયતિ નામની મારી જ પ્રકાશિત થઈ ગયેલી નવલકથાને બીજી વખત લખી. દિવસે સમય ના મળ્યો ત્યારે રાત્રે જાગીને લખ્યું, રાત્રે ઉંઘ આવી ગઈ તો સવારે વહેલા ઊઠીને લખ્યું અને આખી નવલકથા પૂરી કરી. લખાઈ ગયા બાદ થયું કે આને હવે સેલ્ફ પબ્લીશ નથી કરવી. જાતે પ્રકાશિત કરતા મારા જાણીતા લોકો મારું પુસ્તક ચોક્કસ ખરીદશે પણ મારા વર્તુળની બહાર શું? ગુજરાતના બેસ્ટ પ્રકાશક ગૃહ કોણ છે એ જોવા ગૂગલમાં સર્ચ કર્યું તો પહેલું નામ આવ્યું નવભારત સાહિત્ય મંદિર. મનમાં ભગવાનને યાદ કરી મેં ત્યાં સંપર્ક કર્યો અને મારી ઓળખાણ આપી, "નિયતિ" નામની મારી નવલકથા વિશે વાત કરી અને રોનકભાઈ શાહે તરત કહી દીધું કે નિયતીબેન અમે તમારી નવલકથા છાપીશું.

મનમાંથી એક મોટો ભાર હળવો થઈ ગયો. મને એમ કે ટ્રેડિશનલ રીતે પુસ્તક છાપાવવું એ બહુ મુશ્કેલ કામ છે પણ હું એ વાતે ખોટી હતી. મને હતું કે એ મારી પાસેથી પુસ્તક છાપવા માટે રૂપિયા માંગશે પણ ના એમણે પુસ્તક પ્રકાશિત કરવા એક રૂપિયો પણ નથી માંગ્યો.

મેં મારી વાર્તા એમને મેઈલ કરી. ચાર મહિના સુધી એમાં જોડણીને લગતા સુધારા વધારા થયા અને પછી એ ઝેરોક્સ રૂપે મારા હાથમાં આવી. રોનક ભાઈએ કહ્યું કે એક વાર આખી વાર્તા વાંચી જાઓ, કંઈ સુધારવા જેવું લાગે તો સુધારો અને મને પાછી મોકલી આપો. મેં એ ઝેરોક્સ મહિનો વાંચી અને કહ્યું કે હજી મારે એને સુધારવી છે. બીજા છ મહિના એને મઠારતી રહી, અમારા શહેરના જાણીતા લેખક શ્રી.કેશુભાઈ દેસાઈને એ વાંચવા આપી. મારા સખી કમ વડીલ ગુરુ જેવા બકુલા દેસાઈ ઘાસવાલા બેનાને એક કોપી વાંચવા મોકલી આપી. છેલ્લે કેશુભાઈ અને બકુલા આંટીએ જે જે સૂચનો કર્યા એ પ્રમાણે સુધારા કરીને, ફરીથી બે વખત વાંચીને પ્રકાશક ભાઈને ત્યાં મોકલાવી.

ફરીથી જોડણીના સુધારા થયા, ઝેરોક્સ કોપી મને વાંચવા મોકલાઈ, આ વખતે લાગ્યું હવે થોડી સારી લખાઈ છે, પુસ્તક માટે નવું કવર પેજ બનાવાયું અને ગઈ ૧૯મી એપ્રીલ, સંકટ ચોથના દિવસે જ એની પ્રથમ કોપી છપાઈ ગઈ...

આ આખી સફર દરમિયાન ઘણી વખત થયું કે નિયતી તું શેને માટે આટલી મહેનત કરી રહી છે? લોકો આરામથી સુઈ રહ્યાં છે, ટીવી જોઈ રહ્યાં છે, સોશ્યલ મીડિયામાં મજા કરી રહ્યાં છે ત્યારે તું કોના માટે તારો આરામ કે તારું મનોરંજન દાવ પર લગાડી રહી છે? જ્યારે પણ આવા વિચાર મનમાં આવ્યા ત્યારે મેં ફરીથી કોઈ ઉત્તમ પુસ્તક વાંચ્યું અને તરત જ જવાબ મળ્યો.

બીજાના લખેલા પુસ્તક વાંચતા મને જે ખુશી, જે આનંદ મળે છે બસ એ જ આનંદ મારે મારા વાચકના ચહેરા પર જોવો છે. દૂર ક્યાંક છેવાડાના ગામનો માણસ, ઘરની જવાબદારીઓથી થાકેલી ગૃહિણી કે પછી ચારે બાજુથી કંટાળીને નિરાશ થઈ ગયેલો માણસ જ્યારે મારું પુસ્તક ઉઘાડીને વાંચવા બેસે ત્યારે એ ઘડીભર એની દુનિયા ભૂલી મારી દુનિયામાં ખોવાઈ જાય અને આનંદ કરે બસ એને માટે જ હું લખું છું.

મારાથી જેટલું થઈ શકે એટલું મેં કર્યું, હવે આપનો વારો. મારું પુસ્તક "નિયતિ" વાંચો અને વાંચી લીધા બાદ કેવું લાગ્યું એ વિશે મને ચોક્કસ જણાવો.

અમસ્તું,

તમારી કરેલી પ્રાર્થનાઓ ક્યારેય ખાલી નથી જતી.

@KapadiaNiyati